# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત અને મલેશિયાના લોકો વચ્ચેના ઊંડા સંબંધો તથા દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો

2) ભારત-અમેરિકા વેપાર કરારથી ભારતીય નિકાસ પરના ટેરિફમાં 18 ટકાના ઘટાડાથી કૃષિ અને MSME સહિત ક્ષેત્રોને પ્રોત્સાહન મળશે - રોજગારીની તકો વધશે

3) ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢમાં આંતરિક સુરક્ષા અને વિકાસ સંબંધિત કાર્યક્રમોમાં ભાગ લેશે.

4) ઇઝરાયલના પ્રધાનમંત્રી અને અમેરિકાના રાષ્ટ્રપતિ બુધવારે અમેરિકા-ઈરાન વાટાઘાટો અંગે ચર્ચા કરશે.

5) T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, ભારતે – અમેરિકાને 29 રને હરાવ્યું.

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MALAYSIA-EARLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસની સત્તાવાર મુલાકાતે મલેશિયામાં છે. તેમણે ગઈકાલે કુઆલાલંપુરમાં આયોજિત પ્રવાસી ભારતીય દિવસ કાર્યક્રમમાં ભારતીય સમુદાયને સંબોધતા ભારત-મલેશિયા સંબંધો લોક સંપર્ક અને આર્થિક જોડાણ પર કેન્દ્રિત છે તેમ જણાવ્યું

સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

## V/C: DURGESH-BHADAURIYA

દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે મલેશિયામાં ભારતીય સમુદાયને કરેલું પ્રધાનમંત્રીનું સંબોધન બંને દેશો વચ્ચેના ઊંડા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને પ્રતિબિંબિત કરે છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ઉપરાષ્ટ્રપતિએ તમિલ વારસાનું સન્માન કરતા પ્રધાનમંત્રીના નિવેદનની પ્રશંસા કરી અને તિરુવલ્લુવર સેન્ટરની સ્થાપનાની જાહેરાતનું સ્વાગત કરતા કહ્યું કે, આવી પહેલ સાંસ્કૃતિક સંબંધોને મજબૂત બનાવે છે.

# GOYAL-INDIA-US-PC

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે ભારત-અમેરિકા વચગાળાનો વેપાર કરાર વાજબી, ન્યાયી અને સંતુલિત છે અને ખેડૂતોના હિતોનું રક્ષણ સુનિશ્ચિત કરે છે.

શ્રી ગોયલે જણાવ્યું કે આ કરારનો ઉદ્દેશ નિકાસને વેગ આપવા, રોજગારીનું સર્જન કરવાનો અને 2047 સુધીમાં દેશને વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધારવાનો છે.

શ્રી ગોયલે ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા કહ્યું કે કરાર હેઠળ, ભારતીય નિકાસ પર અગાઉ લાગુ 50 ટકા પારસ્પરિક ટેરિફ ઘટાડીને 18 ટકા કરવામાં આવ્યો છે.

તેમણે કહ્યું સરકાર આગામી વર્ષોમાં ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપારને 45 લાખ કરોડ રૂ. સુધી વધારવાનું લક્ષ્ય રાખે છે. તેમણે ઉમેર્યું આ કરારથી રોકાણકારો માટે નવી તકો ખુલી છે. રોકાણકારોને આ તકોનો લાભ લેવા વિનંતી કરતા, ઉદ્યોગ મંત્રીએ જણાવ્યું કે નાના અને મધ્યમ ઉદ્યોગો, કારીગરો, વણકર અને નિકાસલક્ષી ક્ષેત્રોમાં કામ કરતા યુવાનો મુખ્ય લાભાર્થી બનશે.

# C-GARH-AMIT-SHAH

ગૃહમંત્રી અમિત શાહ, છત્તીસગઢના ત્રણ દિવસના પ્રવાસ અંતર્ગત આજે, રાયપુરમાં ડાબેરી ઉગ્રવાદ પર ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ તેમજ સુરક્ષા એજન્સીઓના પ્રતિનિધિઓ આ બેઠકમાં ભાગ લેશે.

બાદમાં, શ્રી શાહ મુખ્ય અતિથિ તરીકે "છત્તીસગઢ @ 25: શિફ્ટિંગ ધ લેન્સ" નામના રાષ્ટ્રીય સંમેલનમાં હાજરી આપશે. આવતીકાલે શ્રી શાહ જગદલપુરમાં બસ્તર પાંડુમ મહોત્સવના સમાપન સમારોહમાં હાજરી આપશે.

# SEYCHELLES-PREZ-VISIT

સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીએ ગઈકાલે કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ સાથે મુલાકાત કરી. ભારત-સેશેલ્સ વ્યાપાર ગોળમેજી પરિષદમાં ભાગ લીધો. સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની, ગઈકાલે પાંચ દિવસની ભારતની મુલાકાતે મુંબઈ પહોંચ્યા છે.

સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

V/C: KARISHMA-RAI

પરિષદમાં સેશેલ્સના વિદેશમંત્રી બેરી ફૌર અને નાણામંત્રી પિયર લાપોર્ટે પણ બંને દેશોના ઉદ્યોગસાહસિકો સાથે હાજર રહ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SL-GUJ-GOVERNOR-VISIT

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે કોલંબોમાં ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોના પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

4 ફેબ્રુઆરીએ ભારતથી લાવવામાં આવેલા અવશેષો હાલમાં ગંગારામાયા મંદિરમાં પ્રદર્શિત છે.

પ્રતિનિધિમંડળે શ્રીલંકાના પ્રધાનમંત્રી ડૉ. હરિની અમરસુરિયાઆએ મુલાકાત કરી અને અવશેષોનું ઉષ્માભર્યું સ્વાગત કરવા બદલ તેમનો આભાર માન્યો.

ભારતીય પ્રતિનિધિમંડળે શ્રીલંકાના વિદેશ મંત્રી, ઉદ્યોગ મંત્રી અને બુદ્ધા શાસન મંત્રી સાથે પણ મુલાકાત કરી અને આર્થિક, સાંસ્કૃતિક અને પર્યટન ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવવા પર ચર્ચાઓ કરી.

# RSS CHIEF BHAGWAT

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે કહ્યું કે "હિન્દુ" એ સંજ્ઞા નથી પણ એક વિશેષણ છે. ગઈકાલે મુંબઈમાં RSSના શતાબ્દી સમારોહમાં બોલતા, તેમણે કહ્યું કે "હિન્દુ" એક સાંસ્કૃતિક અને સભ્યતાની ઓળખ છે.

તેમણે કહ્યું કે ભારતના તમામ નાગરિકો, તેમના વર્તમાન ધર્મને ધ્યાનમાં લીધા વિના, સમાન પૂર્વજ અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે. તેમણે કહ્યું કે "હિન્દુ" શબ્દને લાદવામાં આવેલી ઓળખ તરીકે જોવો જોઈએ નહીં પરંતુ તે ભારતની

સંસ્કૃતિ સાથે જોડાયેલા લોકો માટે એક વ્યાપક વિશેષણ છે, જેમાં ભૂમિ પર ગૌરવ, તેની સંસ્કૃતિની પ્રશંસા અને પૂર્વજોનો સહિયારો ભવ્ય ઇતિહાસ શામેલ છે.

# MEGHALAYA BLAST

મેઘાલયના મ્યાનસાંગટમાં થયેલા ખાણ વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને 27 થયો છે. શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે. NDRF, SDRF, વિશેષ બચાવ ટીમ (SRT), જિલ્લા પોલીસ અને વહીવટીતંત્રની ટીમો આ કામગીરીમાં સામેલ છે. ગઈકાલે વધુ બે મૃતદેહ મળી આવ્યા હતા. જિલ્લા વહીવટીતંત્રે ગેરકાયદેસર ખાણકામ સામે ઝુંબેશ વધુ તીવ્ર બનાવી છે.

# NETANYAHU- TRUMP MEET

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ બુધવારે વોશિંગ્ટનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે અમેરિકા-ઈરાન વાટાઘાટો અંગે ચર્ચા કરશે.

શુક્રવારે અમેરિકા અને ઈરાન વચ્ચે ઓમાનમાં પરોક્ષ વાતચીત થઈ હતી. નેતન્યાહૂના કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી  નેતન્યાહૂ ના મતે બધી વાટાઘાટોમાં ઈરાનના બેલિસ્ટિક મિસાઈલો પર પ્રતિબંધ અને ઈરાની ગઠબંધનને ટેકો ના આપવાની બાબત શામેલ હોવી જોઈએ.

અગાઉ, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે અમેરિકાની ઈરાન સાથે ખૂબ જ સારી બેઠક થઈ છે અને આગામી સપ્તાહની શરૂઆતમાં વધુ વાટાઘાટોનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ પત્રકારોને જણાવ્યું કે પરમાણુ વાટાઘાટો અને મુખ્ય મુદ્દાઓનું નિરાકરણ તણાવ અને ધમકીઓથી મુક્ત શાંત વાતાવરણમાં થવું જોઈએ.

## UKRAINE-RUSSIA TALKS

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું કે અમેરિકા જૂન સુધીમાં યુક્રેન અને રશિયા વચ્ચે શાંતિ કરાર ઇચ્છે છે.

પત્રકારો સાથે વાત કરતા, ઝેલેન્સકીએ કહ્યું અમેરિકાનો ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે બંને પક્ષો પ્રસ્તાવિત સમયપત્રકનું પાલન કરે, જે સૂચવે છે કે જો સમયમર્યાદા પૂરી ન થાય તો ટ્રમ્પ વહીવટતંત્ર યુક્રેન અને રશિયા પર દબાણ લાવી શકે છે. ઝેલેન્સકીએ કહ્યું કે અમેરિકાએ આગામી રાઉન્ડની વાટાઘાટો અમેરિકામાં યોજવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

## INDIA VS US T20

પુરુષ ક્રિકેટમાં, ભારતે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી T20 વિશ્વ કપની ત્રીજી મેચમાં અમેરિકાને 29 રનથી હરાવ્યું. ભારતે આપેલા 162 રનના

લક્ષ્યનો પીછો કરતા, અમેરિકાની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 132 રન જ બનાવી શકતા તેનો પરાજય થયો હતો.

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા**

- આજના અખબારોમાં ભારત – અમેરિકા વચ્ચે વેપાર કરાર અંગેના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે, ભારત – US મોટી ટ્રેડ ડીલ તરફ એક ડગલું આગળ વધ્યા
- સંદેશે ટ્રેડ ડીલ ખેડૂતો, ઉદ્યમીઓ માટે તક ખોલશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ નિવેદન સાથેના સમાચારને મુખ્ય શીર્ષકમાં લીધા છે.
- નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે – US સાથે ડીલ, નિકાસકારોને 30 ટ્રિલિયન ડોલરનું બજાર મળશે
- ફૂલછાબ લખે છે – ટ્રેડ ડીલ:કૃષિ –ડેરીમાં અમેરિકાને નથી કોઈ ઢીલ